September 2026

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 21 ● Issue 12 / 247
● Mumbai ● Page 28 ● Price Rs. 2/-
● PRGI. Regd. No. MAHGUJ/2006/18379

ટેલિફોન: 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● Email : patanmandal@gmail.com ● www.patanmandal.org



## પ્રમુખ સ્થાનેથી...



દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

**મારા વહાલા સ્નેહીજનો,**
**પ્રણામ !**

પર્વાધિરાજ પર્યુષણમાં સુંદર તપ, આરાધના અને કર્તવ્યો કરીને આપણે સહુ એકબીજાની હૃદયના **શુદ્ધ ભાવથી ક્ષમાપના** કરીને ફરી પાછા રોજિંદા નિત્યક્રમમાં ગોઠવાઈ ગયા.

મિત્રો ! તમે જાણો છો ને કોઈપણ પુષ્પ ગમે તેટલું સુંદર હોય, પણ તેની પ્રસંશા તેની સુગંધના કારણે જ થાય છે, તેમ કોઈપણ માનવી ગમે તેટલો વિશિષ્ટ હોય પણ તેની પ્રસંશા તેના ગુણોના કારણે જ થાય છે. કદાચ કોઈ માનવી રૂપથી સુંદર ના હોય એમ બંને, તેની પાસે વિશિષ્ટ સંપત્તિ ના હોય, પણ જો તે ગુણવાન હોય તો તેનું વ્યક્તિત્વ અવશ્ય પ્રસંશનિય છે.

આવા શુભ વિચારો દ્વારા આપણે શ્રી પાટણ જૈન મંડળ તરફથી આપણા જ સમાજમાં, વિવિધ ક્ષેત્રોમાં નિષ્ણાંત અને સફળતાને વરેલા સર્વોચ્ચ ક્ષમતા ધરાવતી જાણીતી નામાંકિત વ્યક્તિઓનું વિશિષ્ટ એવોર્ડ આપીને સન્માન કરવાનો એક અભૂતપૂર્વ અવસર ઉજવવાનો, ખુબ જ સરસ તખ્તો તૈયાર કર્યો છે, શ્રી પાટણ જૈન મંડળના ૧૧૪ વર્ષના ઈતિહાસમાં આ પ્રથમ સોનેરી અવસર આવ્યો છે.

શ્રી પાટણ જૈન મંડળની **Exellance Award Commitee** દ્વારા છેલ્લા ત્રણ મહિનાથી આ બાબતની ચર્ચા-વિચારણા કર્યા બાદ વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ લાયકાત ધરાવતી એવી **૨૨ વ્યક્તિઓને આ સર્વોચ્ચ એવોર્ડથી સન્માનિત** કરવામાં આવશે. આ સુંદર કાર્યક્રમનું **સંચાલન શ્રી રાશી મોદી** દ્વારા કરવામાં આવશે. તેમના **Best Anchoring** દ્વારા આ કાર્યક્રમ દીપી ઉઠશે જે આપણા સમાજની આન-બાન ને શાનમાં વધારો કરશે.

**રવિવાર તા. ૧૧ ઓક્ટોબર ૨૦૨૬, આસો સુદ ૦૧, સવારે ૯.૩૦ કલાકે સમારોહ શરૂ થશે.** સંગીતમય વાતાવરણમાં સહુના મન આનંદથી ડોલી ઉઠે, તે માટે સુંદર, કર્ણપ્રિય સંગીતના સૂર સંગીતકારો રેલાવશે. ભાવભર્યા, હરખભેર તેડા મોકલવા આમંત્રણ પત્રિકાઓ, આમંત્રિતોને મોકલવામાં આવશે.



Cont. page 2

મારા સ્નેહી પરિવારોને જણાવતા આનંદ થાય છે કે, **દશેરાના શુભ દિવસે મંગળવાર, તા. ૨૦ ઓક્ટોબર ૨૦૨૬ સવારે ૯.૩૦ કલાકે, શુભ મુહુર્તે સૌરભ મેડિકલ હેલ્થકેર સેન્ટરનું નવા બિલ્ડીંગમાં ઓપનીંગ કરવાનું વિચાર્યું છે.** અત્યારે તો ફુલ સ્પીડમાં કામ ચાલી રહ્યું છે, સર્વે દાતાઓની શુભેચ્છા અને પરમાત્માના આશીર્વાદ સાથે જે જે દાતાઓએ જે ડિપાર્ટમેન્ટમાં લાભ લીધો છે તે સહુએ સેન્ટર પર આવીને ભાવપૂર્વક ઓપનીંગ કરવાનું છે, આ તારીખ અને સમયની નોંધ લેવાનું ચૂકતા નહીં. આપણે સહુએ સાથે મળીને શ્રી પાટણ જૈન મંડળ - સમાજના આ માનવસેવાના કાર્યમાં જોડાઈને સાધર્મિકોના ઉત્કર્ષ સાથે એક પુણ્ય બાંધવાનું ઉત્તમ લાભ લેવાનો છે.

**ઓક્ટોબરમાં બીજા તબક્કાનું અનાજ વિતરણ** કરવામાં આવશે, અનાજ સાથે **દિપાવલીની શુભકામના અને નૂતનવર્ષાભિનંદનના** શુભ કલ્યાણમય ભાવનાથી મિઠાઈ આપીને સાધર્મિક પરિવારોની દિવાળી સારી રીતે ઉજવી શકાય. જેટલા દાતાઓ અનાજ વિતરણમાં જોડાયા છે તે સૌની શ્રી પાટણ જૈન મંડળ સંસ્થા દ્વારા અનુમોદના અને આભારની લાગણી દર્શાવતા હૈયામાં આનંદ છે. હજુ પણ વધારે દાતાઓ આ અભિયાનમાં સાથ આપે, સાથે જોડાય તેવી અમારી ઈચ્છા છે. માત્ર રૂા. ૨ લાખની સ્કીમમાં ૨૦૦થી વધુ પરિવારોને તમે શાતા પહોચાડી શકો છો. સાધર્મિક સેવા એ જૈન શાસનની અને વિશેષ તો આપણા પટણીઓની ઉદારતા છે.

**''Healthy Pattni, Wealthy Pattni'' આપણી સંસ્થાનું સૂત્ર છે,** અને એક લક્ષ્ય છે આપણા દરેકે દરેક સાધર્મિક પરિવારોની તંદુરસ્તી, સ્વાસ્થ્ય સારૂ રહે. તેમ છતાં અનિવાર્ય માંદગીના મોટા ખર્ચાને પહોંચી વળવા 'સાથી હાથ બઢાના' સૂત્રને યાદ રાખીને મેડિકલ સહાય આપવામાં આવે છે. **વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં સાધર્મિકોને ટોટલ રૂા. ૧.૬૫ કરોડ મેડિકલ સહાય આપવામાં આવી છે. આ વર્ષે આ રકમ વધીને રૂા. ૧.૮૦ કરોડ થશે.**

દિન-પ્રતિદિન મેડિકલ ખર્ચા વધતો જાય છે, આપણે સમાજના પરિવારોને હાલમાં રૂા. ૨ લાખની મેડિક્લેઈમ પોલીસી આપીએ છીએ. જો ૩ લાખનું કરીએ તો વાર્ષિક રૂા. ૩૦ લાખનું પ્રિમિયમ વધે છે કોઈ એક દાતાને લાભ લેવાની ઈચ્છા હોય તો રૂા. ૩૦ લાખ આપીને આ સ્કીમનો લાભ લઈ શકે છે. **આપણી મેડિકલ પુરક ભેટ સ્કીમ ચાલુ જ છે. રૂા. ૧ લાખ આપીને આ સ્કીમમાં જોડાવા પોતાની ફરજ સમજીને આગળ આવી શકે છે.** તો આવો ! આપણે સહુ સાથે મળીને આપણા જ સાધર્મિકોનો ઉત્કર્ષ કરીએ, તેમના જીવનમાં એક દીપ પ્રગટાવી સહુના મુખપર સુખની, ખુશીની વહેંચણી કરીને સહાયક બનીએ.

લોનાવાલા ખાતેના નિર્માણાધીન જિનાલયમાં ગભારાનું અને થાંભલાનું કામ ચાલુ છે **હોલી ડે હોમ બિલ્ડીંગમાં પ્લીંથનું કામ ચાલે છે.**

**PPLની સિઝન** માટે બધી ટીમના ડોનરો સાથે એક મિટિંગ યોજાઈ હતી. **૨૪ ઓક્ટોબર શનિવારે Oction ની તારીખ** ફાઈનલ થઈ ગઈ છે. આ **PPL** મેચની **દસમી સીરીઝ** શરૂ થાય છે.

**''આપો સાથ તમારો, કરીએ સ્વજનોનો ઉદ્ધાર''**



# વ્યક્તિને ઓળખવી કઈ રીતે ?

અમૃત માર્ગના યાત્રિકો..
પ્રણામ

## તંત્રી સ્થાનેથી...

**ભારતી શાહ**



ઘણા વર્ષો પૂર્વે બનેલી એક ઘટના છે એક દિવસ એક રાજા જંગલમાં શિકાર કરવા નીકળ્યો થોડા પશુઓનો શિકાર પણ કર્યો. આ ભાગદોડથી તે થાક્યો અને પોતાના પડાવ પાસે આવી એક ઝાડ નીચે બેઠો તેના એક સિપાઈને આસપાસમાંથી ક્યાંયથી પાણી લઈ આવવા મોકલ્યો સિપાઈ પાણીની શોધમાં નીકળ્યો થોડેક દૂર ગયો ત્યાં તેણે એક ઝૂપડી જોઈ. ઝૂપડીની બહાર એક પુરુષ બેઠેલો હતો અને બાજુમાં જ પાણીનું માટલું ભરેલું પડ્યું હતું. પેલો સિપાઈ ખુશ થઈ ગયો. તેણે પેલા પુરુષને કહ્યું; ''આ લોટામાં પાણી ભરી દે!'' હકીકતમાં તે પુરુષ અંધ હતો એ કંઈ જ બોલ્યો નહીં, સિપાઈએ એકદમ તોછડા અવાજે કહ્યું, ''તું આંધળો છે, ચલ જલ્દીથી લોટામાં પાણી ભરી આપ. મારે રાજાને જઈને આપવાનું છે.''

અંધ પુરુષે કહ્યું; ''અહીંથી જતો રહે, તારા જેવા સિપાઈઓને હું પાણી નથી આપતો.'' સિપાઈ ત્યાંથી પાછો ફર્યો તેણે રાજાને વાત કરી. પેલા અંધ પાસે માટલામાં ઘણું પાણી છે પણ તેણે મને આપ્યું નહીં અને એમને એમ કાઢી મૂક્યો જો કે તેને ખબર પડી ગઈ કે હું સિપાઈ છું.

પછી રાજાએ સેનાપતિને પાણી લેવા મોકલ્યો સેનાપતિએ અંધ માણસ પાસે જઈને કહ્યું; ''ઓ, અંધજન! આ માટલામાં પાણી છે ને? તો આ લોટામાં થોડું પાણી ભરી આપ.'' એણે સત્તાવાહી અવાજે આદેશયુક્ત સ્વરથી એની પાસે પાણી માંગ્યું, પેલા અંધ પુરુષે વળતો જવાબ આપ્યો કે, ''તમે અહીંથી જતાં રહો, તમારા જેવા સેનાપતિને હું પાણી નથી આપતો.''

સેનાપતિ બળજબરી તો કરે તેમ નહોતો અને જાતે પાણી લઈ શકે તેમ નહોતો રાજાને જો આ વાતની ખબર પડશે તો તેને નહીં ગમે સેનાપતિને આશ્ચર્ય થયું કે હું સેનાપતિ છું એવી આને ખબર કેવી રીતે પડી? મેં તો મારો પરિચય આપ્યો નહોતો. આમ હતાશ થઈને સેનાપતિએ પાછા આવીને રાજાને બધી વાત કરી અને આક્રોશ વ્યક્ત કર્યો. 'એ અંધ સમજે છે શું એના મનમાં?' તમે આજ્ઞા આપો હું તેને બે લપડાક મારીને આખું માટલું ઉઠાવી લાવું? કોઈ તરસ્યાને પાણી આપવા જંટલી પણ તેનામાં ભલમનસાઈ નથી?''

પછી રાજા પોતે તે અંધ પુરુષ પાસે પાણી લેવા જાય છે શું થાય છે તે જોવા તેની પાછળ પેલો સેનાપતિ અને સિપાઈ પણ જાય છે પેલા અંધપુરુષની ઝૂંપડી પાસે જઈને ત્યાં બેઠેલા અંધપુરુષને કહ્યું, ''હે પ્રજ્ઞાચક્ષુ મહાશયશ્રી! હું ખૂબ તરસ્યો છું મને આ લોટામાં થોડું જળ ભરી આપવાની કૃપા કરશો? હું આપનો ઋણી રહીશ.'' વિનય અને વિવેક સાથે અંધપુરુષે પ્રત્યુંત્તર આપ્યો, ''જરૂર બિરાજો મહારાજ! તમારા જેવા મહાન રાજાનું સ્વાગત છે. તમારે જેટલું જળ જોઈએ તેટલું લઈ જાવ. તમારા સિપાઈઓ કે સાથે જે કોઈ આવ્યા હોય તે બધાની તૃષા શાંત કરો મારું જીવન ધન્ય બની જશે.

પેલો સિપાઈ અને સેનાપતિ તો સ્તબ્ધ થઈ ગયા. આશ્ચર્યના ભાવ મોઢા પર આવી ગયા. આ શું? દરેક વ્યક્તિએ વ્યક્તિએ એનું વર્તન અલગ જોવા મળ્યું છે. અંધ પુરુષે આ બન્નેને સામેથી કહ્યું, ''તમે મારા આ વર્તન, વહેવારનો વિચાર કરો છો ખરું ને?'' અંધજન બોલ્યો કે, ''તમે બંને જણાએ તુચ્છકારભરી રીતે હલકા શબ્દોમાં અવિનયથી મારી સાથે દુર્વ્યવહાર કર્યો અને સેનાપતિએ કડક આદેશભર્યા અવાજે મારી સાથે ઉદ્ધત વર્તન કર્યું તેથી મે તમને પાણી ન આપ્યું. જ્યારે તમારા રાજાને જુઓ પોતે રાજા હોવા છતાં કેવા નમ્ર ભાવથી, અને પ્રેમભર્યા સ્વરે સારા શબ્દોથી સારો વ્યવહાર કર્યો એટલે હું ઓળખી ગયો કે એ રાજા સ્વયં પધાર્યા છે. આ રાજાના સદ્‌ગુણો માટે ઘણીવાર અહીંથી આવતી જતી પ્રજાના મુખેથી સાંભળ્યું છે આજે મને સ્વયં એનો અનુભવ થયો છે.

**મિત્રો! વ્યક્તિના વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા જ વ્યક્તિને ઓળખી શકાય છે. તેના વ્યવહાર દ્વારા જ તેના સંસ્કાર પ્રગટ થઈ જાય છે. બોલવામાં જો વિવેક ન જળવાય તો શત્રુ બની જતા વાર નથી લાગતી. અવિવેકી વાણી દ્વારા આફતો સર્જાય છે. તેથી જ તો કહેવાય છે ને કે ''વાણી અને પાણી બંનેની મર્યાદા રાખવી જરૂરી છે. વ્યક્તિ માત્રની ખરી ઓળખાણ જ તેના સંસ્કારો છે.**

**- અસ્તુ -**

# શ્રી પોપટલાલ ભીખાચંદ સ્મૃતિ વ્યાખ્યાન

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજિત **શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ ૩૦ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સંપન્ન થયો.**

સવારે ૧૦ વાગ્યે **શ્રી નિકેશભાઈ કોઠારી** દ્વારા નવકાર મંત્રના જાપ સાથે કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. તેઓએ સરસ ભાવવાહી ભક્તિગીતો ગાઈને ઉપસ્થિત સૌને ભક્તિમાં લીન કર્યા હતા.

**પૂ. પન્યાસજી વિજય બોધિદર્શનજી મહારાજ સાહેબે જ્ઞાનસભર પ્રવચન આપ્યું હતું.**

**પરમ પૂજ્ય શ્રી બોધિ વિજયજી મહારાજ** સાહેબે પણ ઉપસ્થિત રહીને માંગલિક સંભળાવ્યું હતું અને જીવનમાં દાન, તપ, ભાવ વગેરે ધર્મ તત્ત્વોનું મહત્વ સમજાવ્યું હતું.

આ વ્યાખ્યાનમાળાના મુખ્ય દાતા **શ્રી વીરેન્દ્રભાઈ પોપટલાલ શાહ** તથા તેમના ધર્મપત્ની **શ્રીમતી કલ્પનાબેન વીરેન્દ્રભાઈ શાહ** સહપરિવાર આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પાટણ જૈન મંડળના વાઇસ પ્રેસિડેન્ટ અને પ્રોગ્રામ કમિટીના **શ્રી રોહિતભાઈ શાહ,** સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ** તથા એડમિનિસ્ટ્રેટિવ સેક્રેટરી **શ્રી પ્રીતેશભાઈ શાહના** નેતૃત્વમાં આ કાર્યક્રમ ખુબજ સારી રીતે સંપન્ન થયો હતો.

**શ્રી રોહિતભાઈ શાહે** દાતા પરિવાર તથા પધારેલા સર્વે મહેમાનોનું શબ્દોથી ભાવભીનું સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમના અંતે પ્રોગ્રામ કમિટીના સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહે** સૌનો આભાર માન્યો હતો.

કાર્યક્રમ દરમિયાન **શ્રી રોહિતભાઈ શાહે 'તું મને ભગવાન એક વરદાન આપી દે' ગીત રજૂ કર્યું હતું,** જેમાં પાછળથી **શ્રી નિકેશભાઈ સંઘવી** પણ જોડાયા હતા.

**શ્રી વીરેન્દ્રભાઈ પોપટલાલ શાહનું** બહુમાન **શ્રી રોહિતભાઈ શાહ** દ્વારા કરવામાં આવ્યું હતું.

**શ્રીમતી કલ્પનાબેન વીરેન્દ્રભાઈ શાહનું** બહુમાન **શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહે** કર્યું હતું.

એડમિનિસ્ટ્રેટિવ સેક્રેટરી **શ્રી પ્રીતેશભાઈ શાહ** દ્વારા **શ્રી નિકેશભાઈ સંઘવીનું** સન્માન કરવામાં આવ્યું હતું.

મહારાજ સાહેબના પ્રવચનના મુખ્ય મુદ્દાઓને સાંકળીને **શ્રીમતી કલ્પનાબેન વીરેન્દ્રભાઈ શાહે** પોતાના વિચારો રજૂ કર્યા હતા અને એક સુંદર ગીત ગાઈને કાર્યક્રમની મંગળ પૂર્ણાહુતિ કરી હતી. ઉપસ્થિત સૌને લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી.




















## દાન

'દાન' દેવુ એ ફરજ છે એવી બુદ્ધિથી બદલાની આશા વિના યોગ્ય સ્થળે, યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિને જે અપાય છે તેને સાત્વિક દાન કહેવાય છે. એક વસ્તુ ચોક્કસ છે કે દાન આપનાર મહાન નથી, પરંતુ દાન લેનાર જ મહાન છે. કારણ કે તે દાન આપનારના પુણ્યમાં વધારો જ કરે છે.

હું શું આપવાનો હતો ? મારું છે શું ? જે આપણી પાસે છે તે સર્વ આપણા પુણ્ય કર્મોનું પાકેલું ફળ છે અને તે બીજાને આપવાની પ્રેરણા પ્રભુએ મને કરી છે. તેથી જ આ કાર્ય મારાથી થઈ શકે છે. યોગ્ય સ્થળ એટલે સરકારી હોસ્પિટલમાં દાખલ થયેલ ગરીબ દરદીઓ છે જ્યાં બાળકોના વોર્ડ છે, જ્યાં બહુમાળી ઈમારતો બને છે ત્યાંના મજૂરી કરતા લોકો ઝૂંપડા બનાવીને પોતાના બાળકોને મુકીને મજૂરી કરે છે, તેવા લોકોના બાળકોને તેમજ શારીરિક રીતે અપંગ લોકોને દાન આપવા માટે અગ્રતા આપવી જોઈએ.

દાન 'તક્તી'ના લોભથી, નામથી, ખેવનાથી કે પ્રતિષ્ઠા મળે એવા હેતુસરના આપવું જોઈએ દાન આપનારે એવી ભાવના રાખવી જોઈએ કે ઈશ્વરે મને જે સંપત્તિ આપી છે હું મારા ભાઈઓમાં ઈશ્વરના પ્રસાદ તરીકે વહેંચું છું. દાનનું વેંચાણ નહીં, પરંતુ વહેંચણી થાય. દાન આપતી વખતે દાન લેનારને હીનતાની લાગણી ન થાય તેનો ખ્યાલ જરૂરી છે. દાનમાં વસ્તુનું મહત્વ નથી. ભાવનાનું મહત્વ છે સમાજમાં આપણા વખાણ થાય. આપણી વાહ વાહ થાય તે માટે કરેલા દાનની કિંમત કોડીની થઈ જાય છે.

આપનારમાં જે આત્મા છે તે જ લેનારમાં છે તેવી ભાવના પ્રગટ કરીને આજના ઉત્તમ દિવસને સાર્થક કરીએ.

# પાટણના મહોલ્લાઓના ટ્રસ્ટીઓને અપીલ




લોનાવાલા ખાતે આપણે સહુ પાટણના વતનીઓ ગૌરવ અનુભવી શકીએ તેવું **Mile Stone Holiday Home** તથા જિનાલય બની રહ્યું છે. પૂરજોશમાં જિનાલયનું કામ ચાલું છે. આપણે સહુ જાણીએ છીએ કે દિન-પ્રતિદિન ભાવ-વધારો થતો જાય છે. **આપણા પાટણના મહોલ્લાઓના જિનાલયોના દરેક ટ્રસ્ટીઓને એક નમ્ર વિનંતી કરવાની છે** લોનાવાલાનું **નવગ્રહ જિનાલય,** નવરત્નોની સુંદર મનોહર એક એકથી સુંદર એવી પ્રતિમાઓજી તો તૈયાર થવાના કિનારે છે. શુભ મુહુર્તે આપણે શાનદાર પ્રતિષ્ઠા કરાવવાનો અણમોલ અવસર આવશે બધા જ પ્રતિમાઓ, તેમજ અધિષ્ઠાદાયક દેવો-દેવીઓ વિગેરે વિગેરેના આદેશો લગભગ આવી ગયા છે.

**મિત્રો આ જિનાલય પરમાત્માની અસીમકૃપાથી આપણે સહુ સાથે મળીને તન-મન-ધનથી નિર્માણ કરી રહ્યા છીએ, આ જિનાલય આપણા બધાનું છે, કોઈ એકની માલિકી નથી તે બાબત ધ્યાનમાં રાખીને હું નમ્ર વિનંતી કરતાં આપ સહુનો સાથ-સહકાર મળી રહે તેવી ઈચ્છા રાખું છું.**

પાટણના દરેક મહોલ્લાઓના જિનાલયોના ટ્રસ્ટીઓને નમ્ર અપીલ છે કે આપને ત્યાંથી જો **દેવદ્રવ્યની રકમમાંથી આ જિનાલય માટે ફંડ આપી શકતા હો તો જરૂરથી સાથે મળીને વિચાર કરજો. આપના મહોલ્લાના નામ સાથે દેવદ્રવ્યની રકમ સાથે ત્યાં જિનાલયમાં નામની તક્તિ મૂકાવશું. આપ સર્વે ટ્રસ્ટીઓ તો જાણતા જ હશો કે હવે આગામી બે ત્રણ વર્ષની અંદર સરકાર આપણા દેવદ્રવ્યના ભંડારોની રકમ લઈ જવાની તૈયારીમાં છે, પાટણ ખાતે પહેલા જેટલી વસ્તી નથી. તો આપણે બધા આ બાબત સાથે મળીને જરૂરથી ટ્રસ્ટીઓ સાથે મિટિંગ કરીએ મને આશા છે કે આ બાબતની યોગ્ય નોંધ લઈને, ચર્ચા - વિચારણા કરી, પોઝિટીવ રીતે સાથ-સહકાર આપીને લોનાવાલા નવગ્રહ જિનાલયને સુંદર બનાવીએ. મુંબઈથી નજીક હોવાથી બધા જ લોકોને સેવા-પૂજા ભક્તિનો ઉત્તમ લાભ મળશે. આપણું પોતાનું દેરાસર છે તેવી લાગણી થશે. પાટણ સુધી બધા જ લોકો જઈ શકતા નથી અહીં ઘર આંગણે નવગ્રહો - રત્નજડિત પ્રતિમાઓ સાથે**

**‘‘ઝગમગતા તારલાનું દેરાસર હોજો, એમા મારા પ્રભુજીની પ્રતિમાં હોજો...’’**

આવો ભાવ રાખીને બધા જ મહોલ્લાના ટ્રસ્ટીઓનો સાથ-સહકાર પરમાત્માની અસીમ કૃપાથી મળશે તેવી આશા છે.

**"Bhagyavardhak Shree Patan Jain Foundation" નામનો ચેક મોકલવા વિનંતી.**

**વધુ માહિતી અને સંપર્ક માટે પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહ મો. ૯૯૩૦૮૯૧૯૮૫**

# લોનાવાલા ખાતે નવગ્રહ જિનાલય માટે દેવદ્રવ્યના લાભાર્થી

| | |
|---|---|
| ❖ શ્રી મરીનડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ | રૂા. ૧.૦૮ કરોડ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય-મોટા દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ - રતન નગર | રૂા. ૨૭ લાખ |
| ❖ સ્વ. શ્રી વિનોદભાઈ નેમચંદ શાહ, હ. શ્રીમતી રેખાબેન વિનોદચંદ્ર શાહ (વખતજીની શેરી) | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપાર્લા ઈસ્ટ-વેસ્ટ) | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી ફોફલિયાવાડો, પોળની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મહાલક્ષ્મી માતાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય, નાનું દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ચોધરીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી સહસ્ત્રફણા શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ (બાબુલનાથ) | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મનમોહનજીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ, બાણગંગા વાલકેશ્વર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી નગીનદાસ કરમચંદ સંઘવી ઘર દેરાસર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ઢંઢેરવાડા મહોલ્લા પ્રોપર્ટી ટ્રસ્ટ | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી જૂહુ સ્કીમ જૈન સંઘ | રૂા. ૧૧.૭૦ લાખ |

# YOUNG PATTANI'S GROUP




**Dear Pattanis,**

**PATAN JAIN MANDAL proudly presents Young Pattanis Next Generation – a new community platform** exclusively for the Next Generation (Age 20–40) of our Patan Jain Community. Our community has talented youngsters, professionals, entrepreneurs, bachelors, and young married couples, but no Common Platform where people of the same age group can regularly connect, build meaningful friendships, expand their business & professional network, and grow together.

With this vision, Patan Jain Mandal brings you a platform featuring 3 exclusive events throughout the year. This is a chargeable annual membership, offering year-round opportunities to connect, socialize, network, and create lasting memories with fellow members.

For this, we need your basic information. Please fill the form below if interested:

**https://forms.gle/RtKSqWpQ7fxeuaoY8**

**Yearly Membership Fee:**
**Rs.4000/- per person only.**

**Let's Connect • Let's Network • Let's Grow Together!**

Regards,
**Shree Patan Jain Mandal**

## શ્રુતપ્રેમી શ્રાવકો

બિકાનેરનાં ગર્ભશ્રીમંત પરિવારમાં જન્મેલા અગરચંદને નાની વયથી સાહિત્યમાં વિશેષ રૂચિ. અગરચંદ નાહટા શ્રુતપ્રેમી શ્રાવક. સદ્‌ભાગ્યે એમને ભાઈઓ પણ એવા મળ્યા કે તું શ્રુતોપાસના કર અમે ધંધો કરીશું.

અગરચંદજીએ ૭૦૦૦ લેખો લખ્યાં છે, અનેક ગ્રંથો સંપાદન કર્યા છે. રોજ અઢાર કલાક વાંચન - લેખન ચાલ્યા કરે. પોતાનો ત્રણ માળનો જ્ઞાનભંડાર, વીસ હજાર હસ્તલિખિત પ્રતો એમના સગ્રહમાં છે. જ્ઞાનભંડારથી ઘરે જમવા જાય તો ઘરમાં પેસતાં જ બૂમ પાડે થાળી પીરસો અને માત્ર દસ મિનિટમાં જમીને પાછા જ્ઞાનભંડારમાં પહોંચી જાય.

ભારત-પાકિસ્તાન વિભાજન વખતે જે હિજરત ચાલુ થઈ એ વખતે અગરચંદ નાહટાના ધ્યાનમાં આવ્યું કે આ સ્થળાંતરમાં હસ્તપ્રતો લોકો જ્યાં ત્યાં રખડતી કરી દેતા હોય છે અગરચંદે એમના માણસોને ભારત- પાકિસ્તાનની સરહદ પર મોકલ્યા. જે લોકો હસ્તપ્રતો વેચવા માંગે એમની પાસેથી ખરીદવા માંડ્યા. આમ ભેગી કરેલી હજારો પ્રતો, હજારો ગ્રંથો આજે બિકાનેરનાં સંગ્રહમાં સુરક્ષિત છે, અગરચંદજીના ભત્રીજા ભવરચંદ નાહટાએ પણ ઘણું ખેડાણ કર્યું છે.

શ્રુતપ્રેમી શ્રાવકો આજે પણ આ ખૂબ મહત્વનું કાર્ય કરીને જૈન શાસનની ગરિમાં અને ગૌરવ વધારીને સેવા કરી શકે છે.

# સમૃદ્ધ પાટણ સમાજની મેડિકલ યોજના

## -: રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-

દિન-પ્રતિદિન વૈદકીય સારવાર, હૉસ્પિટલનો ખર્ચો તેમજ હૃદયરોગ, કિડની, લિવર, પેરેલિસિસ જેવા વધુ લાંબા રોગોની સારવારનો ખર્ચો ખૂબજ વધારે પડતો આવે છે, મધ્યમ વર્ગના પરિવારો માટે પોતાના સ્વજનને સારી અને વ્યવસ્થિત સારવાર કરવા માટે આપણા સમાજ પાસે મદદ લેવા અરજીઓ કરવી પડે છે, તેમના મોટી રકમના બિલો ચૂકવવામાં અને તેઓને થોડી રાહત આપવા આપણા સમાજના શ્રીમંત પરિવારો હંમેશા તૈયાર રહે છે તે ખૂબજ અનુમોદનીય બાબત છે.

આ યોજના અંતર્ગત સમાજના વધુને વધુ પરિવારો જોડાય તેવા શુભ આશયથી **''રૂા. એક લાખની પૂરક મેડિકલ સહાય સ્કીમ''** શરૂ કરી છે. આશા છે કે આપણા જ સાધર્મિક પરિવારોને મેડિકલ સહાય આપવામાં જરૂરથી પ્રોત્સાહન આપીને માનવસેવાના કામમાં સાથ-સહકાર આપશો.

સમાજના નીચે મુજબના દાનવીરો દ્વારા આ યોજનામાં સ્વૈચ્છિક રીતે જોડાઈ અમોને પ્રોત્સાહન પુરુ પાડેલ છે, તે બદલ તેઓ સહુ પ્રતિ આભાર ભાવ વ્યક્ત કરવામાં આવે છે.

✳ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
✳ શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
✳ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
✳ શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
✳ શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
✳ સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
✳ શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
✳ શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
✳ શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
✳ શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
✳ શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ (અમદાવાદ)
✳ શ્રી રવીભાઈ સેવંતીલાલ શાહ (ચિતારાની ખડકી)
✳ શ્રી દિપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
✳ શ્રી ધવલભાઈ દિપકકુમાર શાહ (કનાસાનો પાડો)
✳ શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ (વખતજીની શેરી)
✳ શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)
✳ શ્રી નિખીલભાઈ સૂર્યકાંત શાહ (કનાસાનો પાડો)
✳ શ્રીમતી હંસાબેન બાબુલાલ શાહ (કનાસાનો પાડો)
✳ શ્રી અતુલભાઈ નવીનચંદ્ર શાહ (ચોધરીની શેરી)
✳ શ્રીમતી નલીનીબેન નવીનચંદ્ર હિરાલાલ શાહ (વખતજીની શેરી)
✳ શ્રીમતી જ્યોત્સનાબેન નવીનચંદ્ર પત્રાવાલા (ચિતારાની ખડકી)
✳ શ્રી મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ (કપુરમહેતાનો પાડો)

✳ શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા)(કનાસાનો પાડો)
✳ શ્રીમતી જેમીનીબેન હેમંતભાઈ સાલવી (સાલવી વાડો)
✳ શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
✳ શ્રીમતી દેવિન્દ્રાબેન ભરતભાઈ શાહ (ઢંઢેરવાડો)
✳ શ્રીમતી સોનલબેન સંદીપભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
✳ શ્રીમતી આશિતાબેન સોનીરભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
✳ શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકભાઈ શાહ (કનાસાનો પાડો)
✳ શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ (કુંભારીયા પાડો)
✳ શ્રીમતી ગીતાબેન વિનોદભાઈ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
✳ શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર ઝવેરી (મનમોહનજીની શેરી)
✳ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ (અમદાવાદ)
✳ શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ (ચિતારાની ખડકી)
✳ શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો)
✳ શ્રીમતી હેતલબેન ધવલભાઈ શાહ (કનાસાનો પાડો)
✳ શ્રીમતી નીજલબેન દેવેશભાઈ શાહ (વખતજીની શેરી)
✳ શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ (કુંભારીયા પાડો)
✳ શ્રી હરેશભાઈ પુનમચંદ શાહ (કનાસાનો પાડો)
✳ શ્રીમતી ધારાબેન શૈલેષભાઈ શાહ (કુંભારીયા પાડો)
✳ શ્રી ક્રીવા ડિમ્પલ રોહનભાઈ શાહ (શાંતિનાથની પોળ)
✳ શ્રીમતી ભાવનાબેન જયેશભાઈ શાહ (કુંભારિયા પાડો)
✳ શ્રીમતી જ્યોત્સનાબેન નરેન્દ્રભાઈ પટવા (સંઘવીનો પાડો)
✳ શ્રીમતી ઈન્દુબેન કીર્તિલાલ ઝવેરી (મણિયાતી પાડો)

# સમૃદ્ધ પાટણ સમાજની અનાજ વિતરણ યોજના

## સાધર્મિક ભક્તિ એ જ સર્વોત્તમ પ્રિતી

### -: રૂા. ૨,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-

પોતાના સહધર્મી ભાઈને, શ્રેષ્ઠ, સમર્થ અને દિવ્યગુણ સંપન્ન બનાવવો તેનું નામ સાધર્મિક વાત્સલ્ય, તેનું નામ સાધર્મિક ભક્તિ.

ભક્તિનો અર્થ છે પરમપ્રીતિ સહર્ધમી ભાઈને પણ શ્રેષ્ઠ, સમર્થ અને સંપન્ન બનાવવા માટે નક્કર પ્રયત્ન કરવા તેનું નામ સાધર્મિક ભક્તિ. જૈન ધર્મના ઉમદા વિચારોને કેન્દ્રમાં રાખીને શ્રી પાટણ જૈન મંડળ સમાજના મધ્યમવર્ગના પરિવારોને હર પ્રકારે સાથ-સહકાર અને સેવા આપવાનો મુખ્ય ધ્યેય ધરાવે છે અને સતત કાર્યરત છે.

જાણો જ છો કે આપ સહુ આર્થિક રીતે સાધન સંપન્ન શ્રેષ્ઠિઓ વધતી જતી કારમી મોંઘવારીમાં આ પરિવારોને સહાય કરવા ભંડોળની જરૂર તો પડતી જ રહે છે એના પછી જરૂર પડે છે, હૃદયના ઉત્કટ ભાવની અને સમર્પિત કાર્યકરોની આ ત્રિવેણી સંગમ સતત જો અકબંધ રહે તો શ્રી પાટણ જૈન મંડળના અનેકાનેક જીવનમાં એક દીપ પ્રગટાવી શકીશું. પાટણ જૈન મંડળ તરફથી ગત વર્ષે શરૂ કરવામાં આવેલ અનાજ વિતરણ યોજના અંતર્ગત લગભગ ૨૨૫ પરિવારો લાભ લઈ રહ્યા છે.

સંસ્થામાં આજ સુધી ૩૮ દાતાઓના નામ આવી ગયા છે તે સર્વેનો ખૂબ ખૂબ આભાર. સમાજના અન્ય પરિવારોને પણ સાધર્મિક ભક્તિ યોજનામાં જોડાવવા નમ્ર વિનંતી.

**રૂા. ૫૦ લાખ કોરપસ ફંડ અનાજ વિતરણના મુખ્ય દાતા :-**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ (અમદાવાદ)**

* શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
* શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
* શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
* શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
* શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
* શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
* શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
* શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
* શ્રી રવીભાઈ સેવંતીલાલ શાહ (ચિતારાની ખડકી)
* શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
* શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ (અમદાવાદ)
* શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
* શ્રીમતી ગીતાબેન વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
* શ્રી ધવલભાઈ દિપકભાઈ શાહ (કનાસાનો પાડો)
* શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)
* શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)
* શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ તથા (ભાભાનો પાડો)તથા શ્રી જયેશભાઈ નાનકચંદ શાહ (નેહજ) (કુંભારીયા પાડો)
* શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ (શામળાજીની શેરી)
* શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ તથા (વખતજીની શેરી)તથા શ્રીમતી શિતલબેન નિલેશભાઈ શાહ (ખડાખોટડીનો પાડો)
* શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજૂરીનો પાડો)
* શ્રમતી કુસુમબેન કાંતિલાલ તેલિયાવાળા (મનમોહનજીની શેરી)
* શ્રીમતી હેમલબેન જનકભાઈ શાહ (મનમોહનજીની શેરી)
* શ્રીમતી નીતાબેન જયંતભાઈ સેવંતીલાલ શાહ (મહાદેવાજીની શેરી)
* શ્રીમતી પંકિતાબેન પરેશભાઈ ખાંડવાલા (કેશુશેઠનો પાડો)
* શ્રી કેશવલાલ કીલાચંદ શાહ (કુંભારીયા પાડો)
* શ્રી મુકુલબેન બીપીનચંદ્ર રાણીવાલા (ખડાખોટડીનો પાડો)
* શ્રીમતી આશિતાબેન સોનીરભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
* શ્રી મયુરભાઈ નવીનચંદ્ર શાહ (ઝવેરી વાડો)
* શ્રીમતી પ્રભાવતીબેન જમનાદાસ શાહ (ડંકમહેતાનો પાડો)
* શ્રીમતી માલતીબેન રાજેન્દ્રભાઈ શાહ (ઝવેરી વાડો)
* શ્રી રાજેન્દ્રભાઈ ગભરુચંદ શાહ (ઝવેરીવાડો)
* શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી તથા શ્રીમતી માધવીબેન હિતેનભાઈ ઝવેરી (કુંભારીયા પાડો)
* શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર શાહ (કટકિયા વાડો)
* શ્રીમતી સોનલબેન મુકેશભાઈ શાહ (શાંતિનાથની પોળ)
* શ્રીમતી ગુંજનબેન એશાનભાઈ શાહ (શાંતિનાથની પોળ)
* શ્રીમતી જીતાબેન રજનીકાંત ઝવેરી (કનાસાનો પાડો)
* શ્રી નરેશચંદ્ર મણિલાલ ઝવેરી (ચોધરીની શેરી)
* શ્રીમતી નલીનીબેન નવીનચંદ્ર હિરાલાલ શાહ (વખતજીની શેરી)
* શ્રીમતી વસંતબેન ચંપકલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)

## વિવિધ યોજનાઓમાં ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક વિનંતી.

## શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલી ડે હોમ







**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

| | |
|---|---|
| Rs. 2.25 Cr | ડાઈનીંગ હોલ |
| Rs. 1.50 Cr | Grand એન્ટ્રન્સ લોબી |
| Rs. 1.25 Cr | ક્રિકેટ ગ્રાઉન્ડ |
| Rs. 1.25 Cr | લેન્ડસ્કેપ એરિયા |
| Rs. 1.25 Cr | હોલ (૨૦૦ વ્યક્તિ માટે) |
| Rs. 63 Lc | હોલ (૧૦૦ વ્યક્તિ માટે) |
| Rs. 30 Lc | વ્યૂવિંગ ગેલેરી |

દાતાશ્રીઓને એમનું દાન એક વર્ષમાં આપવાનું રહેશે.
સંસ્થાને પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમ ટેક્ષ કાયદા કલમ 80G અન્વયે ૫૦ ટકા કરમુક્તિને પાત્ર છે

**વધુ વિગત માટે સંપર્ક**

શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫ • શ્રી હેમંતભાઈ કે. સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯ • શ્રી દેવેશભાઈ આર. શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# ભાગ્યવર્ધક શ્રી પાટણ જૈન ફાઉન્ડેશન નિર્મિત



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય
દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | ડાયમંડ સ્કીમ - | (રત્નમય આધાર સ્થંભ) | ૫૪ લાખ |
| (૨) | ગોલ્ડ સ્કીમ - | (સુવર્ણ આધાર સ્થંભ) | ૨૭ લાખ |
| (૩) | સિલ્વર સ્કીમ - | (રજત આધાર સ્થંભ) | ૧૧.૭૦ લાખ |

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે. દાનની રકમ સ્ટોક મારફત પણ આપી શકાશે.

❊ નમ્ર અપિલ ❊

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

# શ્રી પાટણ જૈન મંડળ

## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

**લોનાવાલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી**

**Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

**દેરાસરના મુખ્ય લાભાર્થી**

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**Rs. 5.25 Cr.**

**મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી**

**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**

**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ

શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

**Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી**

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી) હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ, હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
  - શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ
- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - શ્રીમતી મીનાબેન નિતિનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ
  - શ્રી ભોગીલાલ રામચંદ્ર શાહ (જાફુજીવાલા) હ. ચિંતનભાઈ નિતિનભાઈ શાહ (તંબોલીવાડો)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી, ખેતરવસી)
- પદ્માવતી માતા - શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી - શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા - શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- મણિભદ્રવીર દાદા - શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) USA
- શ્રી ગૌતમસ્વામી - શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો) - એક સદગૃહસ્થ
- શ્રી વિનોદભાઇ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ-હ. શ્રીમતી નિકીતાબેન ધીરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી, સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) - હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ USA (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ (ખેતરવસી - મહાદેવાજીની શેરી)
  માતુશ્રી ચંપાબેન નેમચંદભાઈ શાહ (ડીસાવાળા) (કનાસાનો પાડો) હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ USA
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા - હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવસી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર - હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુરમહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી શીલાબેન નરેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રીમતી શીલાબેન દિપકભાઈ સેવંતીલાલ પટણી (મનમોહનજીની શેરી)

# વર્ષી તપ



શ્રી વિનેશભાઈ અરવિંદભાઈ શાહ
ઉં.વ. ૫૧, મરીનડ્રાઈવ
(ખેજડાનો પાડો)



શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ
ઉં.વ. ૫૦, મરીનડ્રાઈવ
(ખેજડાનો પાડો)



શ્રીમતી બેલાબેન વિરેન્દ્રભાઈ શ્રોફ
ઉં.વ. ૭૦, મરીનડ્રાઈવ
(ખડાખોટડીનો પાડો)



શ્રીમતી ચારુબેન તુષારભાઈ શાહ
ઉં.વ. ૬૪, મરીનડ્રાઈવ
(ઢંઢેરવાડો)



શ્રી રાજેશભાઈ પ્રેમચંદ શાહ
ઉં.વ. ૭૦, મરીનડ્રાઈવ
(મારફતિયા મહેતાનો પાડો)



શ્રીમતી મયુરીબેન રાજેશભાઈ શાહ
ઉં.વ. ૬૪, મરીનડ્રાઈવ
(મારફતિયા મહેતાનો પાડો)



શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ
ઉં.વ. ૫૭, મરીનડ્રાઈવ
(ખજુરીનો પાડો)



શ્રીમતી હેતલબેન વિપુલભાઈ નગરશેઠ
ઉં.વ. ૫૨, મરીનડ્રાઈવ
(મણિયાતી પાડો)



શ્રી જતિનભાઈ કીર્તિકુમાર શાહ
ઉં.વ. ૬૪, મરીનડ્રાઈવ
(કુંભારીયા પાડો)



શ્રીમતી શૈલાબેન જતિનભાઈ શાહ
ઉં.વ. ૬૦, મરીનડ્રાઈવ
(કુંભારીયા પાડો)



શ્રી ખ્યાતિબેન મુકેશભાઈ શાહ
ઉં.વ. ૪૨, મરીનડ્રાઈવ
(કોકાનો પાડો)



શ્રીમતી જશવંતિબેન રમણલાલ
શાહ ઉં.વ. ૯૨, મરીનડ્રાઈવ
(વખતજીની શેરી)



શ્રી દેવાંગભાઈ હેમેન્દ્રભાઈ શાહ
ઉં.વ. ૫૪, મરીનડ્રાઈવ
(મણિયાતી પાડો)



શ્રી મંજરીબેન દેવાંગભાઈ શાહ
ઉં.વ. ૫૨, મરીનડ્રાઈવ
(મણિયાતી પાડો)



શ્રી અમીતભાઈ રમણલાલ શાહ
ઉં.વ. ૭૧, મરીનડ્રાઈવ
(લખિયારવાડો)



શ્રીમતી મીનાબેન અમીતભાઈ
શાહ ઉં.વ. , મરીનડ્રાઈવ
(લખિયારવાડો)

# વર્ષી તપ



શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકભાઈ શાહ
ઉં.વ. ૭૨, વાલકેશ્વર
(કનાસાનો પાડો)



શ્રીમતી હીનાબેન હેમંતભાઈ શાહ
ઉં.વ. ૬૩, મરીનડ્રાઈવ
(મહાલક્ષ્મીમાતાનો પાડો)



શ્રીમતી જયશ્રીબેન રાજીવભાઈ શાહ
ઉં.વ. ૬૧, મરીનડ્રાઈવ
(બ્રાહ્મણવાડો)



શ્રીમતી કાનલબેન પ્રિતેશભાઈ શાહ ઉં.વ. ૫૧, મરીનડ્રાઈવ
(મારફતિયા મહેતાનો પાડો)



શ્રીમતી હીનાબેન મહેશભાઈ શાહ
ઉં.વ. ૬૯, ચર્ચગેટ
(ઝવેરીવાડો)



શ્રીમતી માલતીબેન હેમંતભાઈ શાહ
ઉં.વ. ૬૦, મરીનડ્રાઈવ
(વખતજીની શેરી)



શ્રીમતી ભાવનાબેન પદ્મનાભ શાહ
ઉં.વ. ૬૬, મરીનડ્રાઈવ
(કોકાનો પાડો)



શ્રીમતી નલીનીબેન નવીનચંદ્ર ઝવેરી ઉં.વ. ૮૧, ચર્ચગેટ
(મનમોહનજીની શેરી)



શ્રીમતી નિકીતાબેન મનીષભાઈ શાહ ઉં.વ. ૫૮, મરીનડ્રાઈવ
(મહાલક્ષ્મીમાતાનો પાડો)



શ્રીમતી તેજલબેન ધીરીશભાઈ શાહ
ઉં.વ. ૫૨, મરીનડ્રાઈવ
(ખેતરપાળનો પાડો)



શ્રીમતી રૂપાબેન પુલીનભાઈ શાહ
ઉં.વ. ૫૪, મરીનડ્રાઈવ
(મારફતિયા મહેતાનો પાડો)



શ્રીમતી સુરેખાબેન રમેશભાઈ શાહ ઉં.વ. ૭૯, મરીનડ્રાઈવ
(ઢંઢેરવાડો)



શ્રીમતી સોનલબેન જીજ્ઞેશભાઈ શાહ
ઉં.વ. ૫૬, મરીનડ્રાઈવ
(કેશુશેઠનો પાડો)



શ્રીમતી ડીનલબેન હિતેશભાઈ શાહ
ઉં.વ. ૫૩, મરીનડ્રાઈવ
(વાસુપૂજ્યની શેરી)

## ૫૬ દિવસનું પરમ પદ તપ



શ્રીમતી તેજલબેન હાર્દિકભાઈ શાહ
ઉં.વ. ૫૨ ખેતવાડી
(ખડાખોટડીનો પાડો)

# ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના

પાટણ જૈન સમાજના અનેક ભાઈ-બહેનોએ ચાતુર્માસ દરમ્યાન માસક્ષમણ, સિદ્ધિતપ, વર્ષીતપ, અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસની ઉગ્ર તપશ્ચયાની આરાધના સફળતાપૂર્વક પાર પાડીને પ્રચંડ કર્મ શુદ્ધિ સાથે પુણ્ય પ્રાપ્ત કર્યું છે, તેનું અનુમોદન કરતાં ગર્વ અનુભવીએ છીએ

## સિદ્ધિ તપ



**શ્રી જીગરભાઈ ગિરીશભાઈ શાહ**
ઉં.વ. ૫૧,
બોરીવલી
(કનાસાનો પાડો)



**શ્રી જીનેનભાઈ મનોજભાઈ શાહ**
ઉં.વ. ૪૨,
પ્રાર્થના સમાજ
(મલ્લાતનો પાડો)



**શ્રી મીહીરભાઈ શાહ**
ન્યુજર્સી USA
(કટકીયા વાડો)



**શ્રી જશ પીનલભાઈ શાહ**
ઉં.વ. ૮,
બોરીવલી
(મારફતિયા મહેતાનો પાડો)



**શ્રીમતી દર્શિની ભાવેન શાહ**
ઉં.વ. ૪૨,
બોરીવલી
(ભાભાનો પાડો)



**શ્રી દર્શી જીગરભાઈ શાહ**
